

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752

NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 097
Dt.: 11-02-2026,
Wedesnday
Page:04
Rs.00.50 paisa


ગેરકાયદે ટ્રાન્ઝેક્શન અટકાવવામાં બેંકોની નિષ્ફળતા સામે સવાલ

# ૫૪૦૦૦ કરોડના ડિજિટલ ફ્રોડ સરકારની બેદરકારી : સુપ્રીમ

## બેંક ખાતામાં શંકાસ્પદ વ્યવહારો થતા પહેલા ગ્રાહકો અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોને એલર્ટ કેમ નથી મોકલાતી?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે ડિજિટલ અરેસ્ટને રોકવામાં નિષ્ફળતા મુદ્દે આકરા સવાલો કર્યા હતા. સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે ગ્રાહકો દ્વારા જીવનભરની કમાણી બેંકોમાં જમા કરાવવામાં આવે છે જેને તેઓ ગુમાવી રહ્યા છે.

એવા સમયે શંકાસ્પદ લેનદેનને સમયસર પકડીને અટકાવવામાં કેમ નથી આવી રહી? બાદમાં એટર્ની જનરલે સુપ્રીમને જણાવ્યું હતું કે મામલાઓના ડેટા એકઠા કરાઈ રહ્યા છે અને એસઓપી તૈયાર કરવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે મળેવી જાણકારી મુજબ ૫૪૦૦૦ કરોડથી વધુની રકમ ફ્રોડથી મેળવીને વિદેશ મોકલી દેવામાં આવી છે. ડિજિટલ અરેસ્ટના કેસોને ગંભીરતાથી ના લેવા બદલ સુપ્રીમ કોર્ટે વિવિધ બેંકોનો ઉધડો લીધો હતો, સાથે જ સવાલ કર્યો હતો કે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનોને સમયસર કેમ નથી ઓળખી શકાતા, ગ્રાહકો પોતાના જીવનભરની કમાણી ગુમાવી રહ્યા છે, શું બેંકોની કામ કરવાની ગુણવત્તા આવી જ છે? સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેંચે સવાલ કર્યો હતો કે સરકારી અને ખાનગી બન્ને બેંકો ગ્રાહકોની ફરિયાદ પર સમયસર કાર્યવાહી કેમ નથી કરી રહી? જ્યારે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થાય છે ત્યારે ગ્રાહકો અને સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનોમાં એલર્ટ કેમ નથી મોકલવામાં આવતા? બાદમાં એટર્ની જનરલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ડિજિટલ અરેસ્ટ મામલાઓને પહોંચી વળવા માટે એસઓપી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હાલ અંતિમ રુપે પહોંચી ગઈ છે ટૂંક સમયમાં તેનો અમલ કરી દેવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ગૃહ બાબતોના મંત્રાલયને કહ્યું હતું કે તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અંગે વિચારે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેંકો દ્વારા ફરિયાદો પર કરવામાં આવી રહેલી કાર્યવાહીને લઈને એક ડ્રાફ્ટ એસઓપી તૈયાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને કહ્યું છે કે ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તૈયાર કરેલા એસઓપીને સત્તાવાર રીતે અપનાવવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે.

સાથે જ પીડિત ગ્રાહકોના ખાતામાંથી ફ્રોડ દ્વારા લઈ લેવામાં આવેલી રકમને પરત મેળવવા માટે વિવિધ એજન્સીઓ વચ્ચે તાલમેલ બેસાડવામાં આવે તેવા આદેશ પણ કર્યા હતા. સુપ્રીમ કોર્ટમાં એમિકસ ક્યૂરીએ કહ્યું હતું કે બેંકો એવુ કહીને વળતર આપવાનું ટાળે છે કે પીડિતોએ સ્વેચ્છાએ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે. આરબીઆઈનો એઆઈ ટૂલ મ્યૂલ હન્ટર ૮૬ બેંકોમાં લાગુ થઈ ચુક્યો છે. જોકે હજુસુધી ગેરકાયદે ટ્રાન્ઝેક્શનનોને ઝડપતી પકડી લેવા માટે કોઈ ખાસ એઆઈ ટૂલ અમલમાં નથી આવ્યું. જ્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ૫૪૦૦૦ કરોડ રૂપિયા ફ્રોડથી મેળવીને વિદેશ મોકલી દેવામાં આવ્યા, દૈનિક રીતે ઓપરેટ થતા બેંક ખાતાઓ પર શંકા ના જાય તે સ્વાભાવીક છે પરંતુ પેન્શન મેળવનારા, નિવૃત થયેલા લોકોના બેંક ખાતાને નિશાન બનાવાય છે અને તેમની જીવનભરની કમાણી ખાતામાંથી લઈ લેવાય છે તે સમયે બેંકો શું કરતી હોય છે. કેમ આ ટ્રાન્ઝેક્શનોને સમયસર નથી ઓળખી લેવાતા કે અટકાવી નથી શકાતા?

૨૨ દેશોને અમેરિકા દ્વારા મળ્યું હતું આમંત્રણ

# બોર્ડ ઓફ પીસમાં કુલ ૮ મુસ્લિમ દેશ સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચોંકાવનારા નિર્ણયો લેવા માટે જાણીતા છે. તેમણે ગાઝા મામલે પણ બોર્ડ ઓફ પીસની રચના કરી છે અને તેની પહેલી મિટિંગ ૧૯ ફેબ્રુઆરીએ થવાની છે. અમેરિકાના રાષ્ટ્રપતિનું કહેવું છે કે, આ બેઠકમાં ગાઝામાં વિકાસ કાર્ય કેવી રીતે ફરી શરૂ કરવું અને ત્યાં યુદ્ધનો અંત કેવી રીતે લાવવું તેની ચર્ચા કરવામાં આવશે. આ બોર્ડમાં ઈઝરાયલ પણ સભ્ય છે, પરંતુ તેને ઝટકો લાગ્યો હોય તેવું લાગી રહ્યું છે. મામલો એ છે કે, ઈઝરાયલ પાકિસ્તાનને ક્યારેય મહત્વ આપવા માંગતું ન હતું, પરંતુ આ બોર્ડમાં ડોનાલ્ડ ટ્રમ્પની પહેલ પર પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ પણ સામેલ થશે. આટલા સુધી જ નહીં, આ બોર્ડમાં તુર્કી પણ સામેલ રહેશે, જે ફિલિસ્તીનના મુદ્દા પર ખુલ્લેઆમ ઈઝરાયલનો વિરોધ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં જો ગાઝાના ભવિષ્યને લઈ બની રહેલા કોઈપણ પ્લાનમાં જો શાહબાઝ શરીફ સામેલ થશે તો ઈઝરાયલ માટે ચિંતાની વાત છે. ઈઝરાયલ પહેલા પણ કહી ચૂક્યું છે કે, અમે પાકિસ્તાનને સામેલ કરવા માંગતા નથી. તેમ છતા પણ પાકિસ્તાનની એન્ટ્રી બેન્જામિન નેતન્યાહુ માટે ચિંતાની વાત છે. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ ૧૮ ફેબ્રુઆરીના રોજ જ વોશિંગ્ટન પહોંચી જશે અને ૧૯ ફેબ્રુઆરીના રોજ યોજનાર સમિટમાં ભાગ લેશે. આ આયોજન યુએસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પીસમાં યોજાવાનું છે. આ મિટિંગમાં ચર્ચા કરવામાં આવશે કે, કેવી રીતે ગાઝામાં યુદ્ધ પછીના પુનર્નિર્માણની શરૂઆત કરવામાં આવશે. આ મિટિંગમાં ઘણા દેશના નેતા અને કેટલાક આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને વ્યક્તિઓ પણ હાજરી આપશે.આ મિટિંગમાં પાકિસ્તાન અને તુર્કી સહિત કુલ ૮ મુસ્લિમ દેશ સામેલ રહેશે. જેમા સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન, ઈન્ડોનેશિયા, કતાર અને યુએઈ સામેલ છે. ઈઝરાયલની ચિંતા એ છે કે, મિટિંગમાં સામેલ બધા મુસ્લિમ દેશો એક થઈને કોઈ સ્ટેન્ડ લઈ શકે છે. ખાસ કરીને સીઝફાયરના ઉલ્લંઘનને લઈ ઈઝરાયલ પર કડક શરતો મુકવાનો જોખમ છે. આ ઉપરાંત તેની પાસેથી ચોક્કસ ગેરંટી માંગવામાં આવી શકે છે. મુસ્લિમ દેશોનું કહેવું છે કે, ગાઝામાં પુનર્નિર્માણ અને શાંતિ ત્યારે જ સંભવ છે, જ્યારે ઈઝરાયલના એક્શન પર કેટલીક લગામ લગી શકે.

અમેરિકા દ્વારા કુલ ૨૨ દેશોને બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં મોટાભાગ દેશોએ સંમતિ આપી છે, પરંતુ ફ્રાન્સ જેવા તેમના મિત્ર દેશો દૂર રહ્યા છે. આ ઉપરાંત ભારતે રાહ જુઓ અને જુઓનો અભિગમ અપનાવ્યો છે. હજુ સુધી ભારતની તરફથી તેમાં ભાગ લેવાની પુષ્ટિ કરી નથી. એવું માનવામાં આવે છે કે, ભારત નથી ઈચ્છતું કે તે એવા કોઈ પ્રયાસમાં આગળ જોવા મળે, જેને ભવિષ્યમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યું છે.

# બિહારમાં માતા-પિતાએ ઠપકો આપતા ચાર કિશોરીની આત્મહત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઔરંગાબાદ,

બિહારના ઔરંગાબાદ જિલ્લામાં સભ્ય સમાજને ચકરાવે ચડાવે તેવી એક ઘટના બની છે. છોકરાઓ સાથે હળવા-મળવા બાબતે પાંચ છોકરીઓના માતા-પિતાઓએ તેમને ઠપકો આપતાં તેમણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.

જેમાં ચારનું મોત થયું હતું. એક કિશોરી જીવિત બચી ગઇ છે, તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું.હસપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક વસ્તીમાં ૨૯ જાન્યુઆરીના રોજ ૧૦થી ૧૪ વર્ષની વયની પાંચ કિશોરીઓએ કોઈ ઝેરી પદાર્થ ગટગટાવ્યું હતું.

આમાં ચાર કિશોરીઓના મોત થયા છે. માત્ર એક જ છોકરી જીવિત બચી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, મૃતક કિશોરીઓના પોસ્ટમોર્ટમ વગર જ તે જ દિવસે તેમના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા.ઔરંગાબાદના પોલીસ અધિક્ષક અંબરીષ રાહુલે જણાવ્યું હતું કે, "બચી ગયેલી એક છોકરીના નિવેદન મુજબ, છોકરાઓના જૂથ સાથે વાતચીત કરવા બદલ પરિવારજનોએ ઠપકો આપતા તેમણે ઝેરી પદાર્થ પીવાનું નક્કી કર્યું હતું." આ પાંચેય કિશોરીઓએ એક ખેતરમાં સાથે ઝેર પીધું હતું.

જેમાં ચાર કિશોરીનાં મોત થયા, પાંચમી છોકરી ઘરે પરત ફરી હતી અને પરિવારને આ વિશે જાણ કરી હતી. હાલમાં આ છોકરી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને જોખમથી બહાર છે.દાઉદનગરના SDPO અશોક કુમાર દાસે જણાવ્યું હતું કે, "તપાસ હજુ ચાલુ છે. અત્યારે અમારી પાસે માત્ર બચી ગયેલી છોકરીનું નિવેદન છે. આ કેસમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી હોવાનું હજુ સુધી બહાર આવ્યું નથી.'એક મૃતક કિશોરીના પરિવારજનોના જણાવ્યા અનુસાર, તેની છોકરી રમવા માટે બહાર ગઈ હતી અને બાદમાં ગ્રામજનો દ્વારા જાણ કરવામાં આવી કે તેમની પુત્રી અને તેની બહેનપણીઓ નજીકના ખેતરમાં મૃત હાલતમાં મળી આવી છે.

અમેરિકા સાથેની ટ્રેડ ડીલ થતાં જ

# ભારતીય રિફાઈનરો રશિયા પાસેથી તેલ ખરીદવાનું ટાળવા લાગ્યા

## ભારતની ત્રણ મોટી રિફાઈનરીએ માર્ચ-એપ્રિલમાં લોડ થનાર રશિયન તેલના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતીય રિફાઈનરો અમેરિકા સાથેની ટ્રેડ ડીલ પછી રશિયા પાસેથી તેલની ખરીદી ટાળવા લાગ્યા છે. આ સમાચાર એ સમયે આવ્યા છે જ્યારે થોડા દિવસ પહેલા ભારત અને અમેરિકાએ વેપાર સમજૂતી માટે ળેમવર્કની જાહેરાત કરી હતી. આ સમજૂતીને માર્ચ સુધી અંતિમ રૂપ આપવામાં આવશે. આ ડીલથી ટેરિફ ઘટશે અને આર્થિક સહકાર મજબૂત થશે. ભારતીય રિફાઈનરો એપ્રિલમાં ડિલિવરી માટે રશિયન તેલની ખરીદી ટાળી રહ્યા છે અને આશા છે કે તેઓ લાંબા સમય સુધી આવા વેપાર થી દૂર રહેશે.એક રિપોર્ટ અનુસાર, આ પગલું નવી દિલ્હી માટે વોશિંગટન સાથે વેપાર સમજૂતી સીલ કરવામાં મદદરૂપ બની શકે છે. રિપોર્ટ અનુસાર, ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ માર્ચ અને એપ્રિલમાં લોડ થનારા રશિયન તેલ માટે વેપારીઓ પાસેથી પ્રસ્તાવનો સ્વીકાર કરી રહ્યા નથી. જોકે, આ રિફાઈનરોએ માર્ચ માટે રશિયન તેલની કેટલીક ડિલિવરી પહેલાથી જ નક્કી કરી હતી. મોટાભાગના અન્ય રિફાઈનરોએ રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરી દીધી છે. જોકે, આ અંગે ઉપરોક્ત ત્રણેય રિફાઈનરો અને પેટ્રોલિયમ મંત્રાલયે કોઈ પ્રતિક્રિયા આપી નથી. જ્યાં સુધી અમેરિકાના ફ્રેમવર્કનો પ્રશ્ન છે, તેમાં રશિયન તેલનો ઉલ્લેખ નહોતો. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય સામાન પર લગાવેલા ૨૫ ટકા ટેરિફને રદ્દ કરી દીધો, જે રશિયન તેલ પર લાગેલો હતો. ટ્રમ્પે દાવો કર્યો છે કે, ભારત રશિયન તેલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત બંધ કરવા પ્રતિબદ્ધ છે. તેમ છતાં, ભારત સરકારે કહ્યું છે કે નવી દિલ્હી પાસે રશિયન તેલ આયાત રોકવાની કોઈ યોજના નથી.ઉલ્લેખનીય છે કે, ૨૦૨૨માં રશિયાએ યુક્રેન પર હુમલો કર્યા પછી રશિયા પાસેથી ભારત સૌથી વધુ તેલ ખરીદનાર દેશ બન્યો હતો. આ યુદ્ધ પછી પશ્ચિમી દેશોએ રશિયન એનર્જી ક્ષેત્ર પર પ્રતિબંધ મૂક્યા હતા, જેના કારણે રશિયાની આવક ઘટી અને યુદ્ધ માટે ફંડિંગ કરવી મુશ્કેલ બની ગયું. જોકે, ભારત સાથેની ટ્રેડ ડીલના સંદર્ભમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ કહી ચુક્યા છે કે, જો ભારત ફરીથી રશિયન તેલ ખરીદવાનું શરૂ કરશે તો અમેરિકા ફરી ટેરિફ લાદવાની ભલામણ કરશે.ભારત માર્ચ સુધી રશિયન તેલની આયાત ૧૦ લાખ બેરલ(પ્રતિ-દિવસ)થી નીચે લાવવાની તૈયારી કરી રહ્યું છે, જે અંતે ૫–૬ લાખ બેરલ પ્રતિ દિવસ સુધી ઘટશે. હવે ભારતીય રિફાઈનરો રશિયન તેલની ખરીદી ઘટાડીને મધ્ય પૂર્વ, આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના દેશોમાંથી વધુ તેલ ખરીદી રહ્યા છે.

કેન્દ્રએ જાહેર કર્યા નિયમ

# AIથી બનેલા ફેક વીડિયો સોશિયલ મીડિયા પરથી ૩ કલાકમાં હટાવવા પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ અને સદઉપયોગ ખૂબ વધી રહ્યો છે. ઘણીવાર છૈં દ્વારા ડીપફેક અને નકલી ઓડિયો-વીડિયો બનાવીને સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવે છે, જેના કારણે લોકો સુધી ખોટી માહિતી પહોંચે છે, ત્યારે સરકારે AIથી બનેલા કન્ટેન્ટને લઈને નવા નિયમો જાહેર કર્યા છે, જેની સીધી અસર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ કંપનીઓ પર પડશે. નવા નિયમ મુજબ હવે ઈન્ટરનેટ પરનું કોઈપણ કન્ટેન્ટ AI ટુલ્સથી બનેલું હશે તો તેના પર સ્પષ્ટ લેબલ લખવું ફરજીયાત કરાયું છે. નવા નિયમો ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૬થી લાગુ થશે.જ્યારથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની શરૂઆત થઈ છે, ત્યારથી AI ટુલ્સથી ડીપફેક વીડિયો, નકલી ફોટાઓ અને નકલી ઓડિયો બનાવવાની સામગ્રીમાં વધારો થયો છે અને આવા કન્ટેન્ડ ઈન્ટરનેટ પર ઝડપથી ફેલાઈ રહ્યા છે. આવા કન્ટેન્ટ અસલી છે કે નકલી, તે યુઝર્સ માટે જાણવા મુશ્કેલ હોય છે. ત્યારે આજ કારણે સરકારનું માનવું છે કે, તેનાથી ખોટી માહિતી ફેલાઈ રહી છે, કેટલાકની બદનામી થઈ રહી છે, છેતરપિંડીની ઘટનાઓ પણ વધી છે. આ સમસ્યાનું નિવારણ લાવવાના પ્રયાસો હેઠળ નવા નિયમો લાવવામાં આવ્યા છે.

કોમ્પ્યુટર અથવા અલ્ગોરિધમ દ્વારા ઓડિયો, વીડિયો, ફોટો અથવા વિઝ્યુઅલ બનાવીને તેને ઈન્ટરનેટ પર શેર કરવામાં આવે છે અને આવા કન્ટેન્ટ સંપૂર્ણ અસલી લાગતા હોય છે, ત્યારે આવી ગેરમાર્ગે દોરનારી સામગ્રીને અટકાવવી ખૂબ જરૂરી છે, તેથી જ કેન્દ્ર સરકારે કૃત્રિમ સામગ્રીની સ્પષ્ટ પરિભાષા જાહેર કરી છે.નવા નિયમો મુજબ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે છૈંથી બનેલા ફેક અને ગેરકાયદે કન્ટેન્ટ માત્ર ત્રણ કલાકની અંદર હટાવવા પડશે. અગાઉ આ સમયગાળો ૩૬ કલાકનો હતો. જો કોઈ ડીપફેક વીડિયો, નકલી ડોક્યુમેન્ટ અથવા ભડકાઉ AI કન્ટેન્ટ ફેલાઈ રહ્યું છે, તો પ્લેટફોર્મ્સે તાત્કાલીક કાર્યવાહી કરીને તેને હટાવવું પડશે. સરકારનું માનવું છે કે, આમાં વિલંબ થવાના કારણે તે ઘણું ફેલાઈ જાય છે.

નવા નિયમોમાં એવું પણ કહેવાયું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ દર ત્રણ કલાકે યુઝર્સના નિયમોની માહિતી આપવી પડશે. આમાં યુઝર્સને સ્પષ્ટ કહેવામાં આવશે કે, જો AIથી બનેલું ગેરકાયદે અથવા વાંધાજનક કન્ટેન્ટ શેર કરશો તો તેમના વિરુદ્ધ AI એક્ટ, નવા ફોજદારી કાયદા, POCSO અને અન્ય એક્ટ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, સોશિયલ મીડિયા કંપનીઓએ એવા ટૂલ્સ લગાવવા પડશે જે AI દ્વારા બનાવવામાં આવેલા કન્ટેન્ટની ઓળખ કરી શકે. આવા કન્ટેન્ટ પર સ્પષ્ટ લેબલ દેખાવું જોઈએ. તેની સાથે એક ડિજિટલ ઓળખ અથવા મેટાડેટા જોડવો પડશે જેને હટાવી ન શકાય. આનો ઉદ્દેશ્ય એ છે કે કોઈપણ AI કન્ટેન્ટ ઓળખ વગર ફેલાય નહીં.

કેટલાક કન્ટેન્ટ મામલે ખાસ કડકાઈ દાખવવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે બાળકો સાથે જોડાયેલ યૌન સંબંધીત કન્ટેન્ટ, મંજૂરી વગરની પ્રાઈવેટ તસવીરો અથવા વીડિયો, નકલી ડોક્યુમેંટ, હથિયારો અથવા હિંસા દેખાડતા કન્ટેન્ટ તાત્કાલીક બ્લોક અથવા હટાવવા પડશે. આ ઉપરાંત કોઈપણ વ્યક્તિ અથવા ઘટનાના ડીપપેક વીડિયો સામે પણ આવી જ કાર્યવાહી કરવી પડશે. જો આમાં બેદરકારી દાખવવામાં આવશે તો કંપનીઓ સામે કાર્યવાહી કરવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, નવા નિયમોના કારણે નકલી અહેવાલો, ડીપફેક અને ભ્રામક પ્રચાર ફેલાતો અટકાવી શકાશે. આનાથી યુઝર્સનો ઓનલાઈન પ્લેટફોર્મ પર વિશ્વાસ વધશે. બીજીતરફ કંપનીઓ સામે નવો પડકાર ઉભો થયો છે. આ માટે તેમણે ટેકનોલોજીમાં મોટાપાયે રોકાણ કરવું પડશે. તેઓએ છૈં કન્ટેન્ટને ઓળખતી સિસ્ટમ બનાવવી પડશે. દરેક પોસ્ટ પર નજર રાખવું સરળ કામ નથી. જોકે કેન્દ્ર સરકારનું વલણ સ્પષ્ટ છે કે, હવે AIથી બનેલા કન્ટેન્ટ પર ગંભીરતાથી ધ્યાન આપવામાં આવશે. સોશિયલ મીડિયા પર જે કન્ટેન્ટ ફરી રહ્યું છે, તેની જવાબદારી માત્ર યુઝર્સની જ નહીં, પ્લેટફોર્મ્સની પણ છે.




# તંત્રી લેખ......

## આવકવેરાના નવા નિયમોના મુસદા ઘડાયા

આવકવેરાના ડ્રાફ્ટ નિયમોમાં બેંકોમાં રોકડ જમા/ઉપાડ, મોટર વાહનો અને મિલકતની ખરીદી, તથા હોટલના બિલની ચુકવણી માટે PAN (પાન કાર્ડ) દર્શાવવા માટેની વ્યવહાર મર્યાદામાં નોંધપાત્ર વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ નવા નિયમો 1 એપ્રિલથી અમલમાં આવશે. એક નાણાકીય વર્ષમાં એક વ્યક્તિના એક અથવા વધુ ખાતાઓમાં કુલ રૂ. 10 લાખ કે તેથી વધુ રોકડ જમા કરાવવા અથવા ઉપાડવા માટે PAN ફરજિયાત રહેશે. હાલમાં, બેંકમાં એક દિવસમાં 50,000થી વધુની રોકડ જમા કરવા માટે PAN જરૂરી છે.આ ડ્રાફ્ટ નિયમો ઈનકમ ટેક્સ એક્ટ,ને લાગુ કરવા માટે તૈયાર કરવામાં આવ્યા છે, જે 1962ના જૂના નિયમોનું સ્થાન લેશે. નાણા મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, માર્ચના પ્રથમ સપ્તાહ સુધીમાં તેને નોટિફાય કરવામાં આવશે. ડ્રાફ્ટમાં એમ્પ્લોયર્સ (નિયોક્તા) દ્વારા આપવામાં આવતી સવલતોના મૂલ્યમાં વધારો કરવાની અને ક્રિપ્ટો એક્સચેન્જો માટે ટેક્સ વિભાગ સાથે માહિતી શેર કરવાનું ફરજિયાત બનાવવાની દરખાસ્ત પણ કરવામાં આવી છે. આ ઉપરાંત, સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) ને ઈલેક્ટ્રોનિક પેમેન્ટના માન્ય મોડ તરીકે સામેલ કરવામાં આવી છે. હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA)ના દાવા માટે ડ્રાફ્ટ નિયમોમાં કેટેગરી-1 મેટ્રો શહેરોની યાદી વિસ્તૃત કરવામાં આવી છે, જેમાં હવે બેંગલુરુ, પુણે, અમદાવાદ અને હૈદરાબાદનો સમાવેશ થાય છે. આ યાદીમાં દિલ્હી, મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈ પહેલેથી જ સામેલ છે. મોટર સાયકલ સહિતના વાહનોની ખરીદીમાં જો કિંમત રૂ. 5 લાખથી વધુ હોય તો જ PAN આપવું પડશે.અત્યાર સુધી ટુ-વ્હીલર માટે PAN જરૂરી નહોતું, જ્યારે અન્ય વાહનો માટે કિંમત ગમે તે હોય PAN ફરજિયાત હતું. જો હોટલ/રેસ્ટોરન્ટ, બેન્ક્વેટ હોલ અથવા ઈવેન્ટ મેનેજમેન્ટનું બિલ 1 લાખથી વધુ હશે તો જ PAN આપવું પડશે. હાલમાં આ મર્યાદા રૂ. 50,000 છે. ઈન્શ્યોરન્સ કંપની સાથે ખાતા આધારિત સંબંધ શરૂ કરવા માટે PAN ફરજિયાત બનશે. હાઉસ રેન્ટ એલાઉન્સ (HRA)ના હેતુ માટે કેટેગરી-1 મેટ્રો શહેરોની યાદીમાં દિલ્હી, મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈની સાથે હવે અમદાવાદ, બેંગલુરુ, પુણે અને હૈદરાબાદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## એપસ્ટિન ફાઈલ્સ કેસમાં ઈલોન મસ્ક અને ઝુકરબર્ગ પણ ફસાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

જેફરી એપસ્ટિન કેસમાં તાજેતરમાં જાહેર થયેલા દસ્તાવેજોએ ટેક જગત અને વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલી કેટલીક તસવીરોમાં ટેસ્લાના માલિક ઈલોન મસ્ક અને મેટાના CEO માર્ક ઝુકરબર્ગ વર્ષ ૨૦૧૫ની એક વાઈલ્ડ ડિનર પાર્ટીમાં એપસ્ટિન સાથે જોવા મળ્યા છે. આ ખુલાસો એ સમયે થયો છે જ્યારે ઈલોન મસ્ક અગાઉ અનેકવાર કહી ચૂક્યા હતા કે તેઓ ક્યારેય એપસ્ટિનની કોઈ પાર્ટીમાં ગયા નથી.

ઓગસ્ટ ૨૦૧૫માં કેલિફોર્નિયામાં એક ભવ્ય ડિનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જાહેર થયેલી તસવીરમાં મસ્ક અને ઝુકરબર્ગ એક લાંબા ટેબલ પર આમને-સામને બેઠેલા જોવા મળે છે. આ ફોટો કથિત રીતે ખુદ એપસ્ટિને જ ક્લિક કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે એપસ્ટિને ૨ ઓગસ્ટ, ૨૦૧૫ના રોજ તેના મિત્ર પીટર એટિયાને ઈમેલ મોકલીને જાણ કરી હતી કે તે તે રાત્રે મસ્ક, ઝુકરબર્ગ અને પેપાલના કો-ફાઉન્ડર પીટર થિએલ સાથે ડિનર કરવાનો છે. બાદમાં ૨૦ ઓગસ્ટે અન્ય એક ઈમેલમાં તેણે આ પાર્ટીને વાઈલ્ડ (અત્યંત રોમાંચક) ગણાવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ફોટોની એક કોપી એપસ્ટિને પોતાના મેનહેટનના એપાર્ટમેન્ટમાં લગાવી હતી. ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન(FBI) દ્વારા કરવામાં આવેલી તપાસમાં કેટલાક નવા પાસા પણ બહાર આવ્યા છે. રિપોર્ટ્સ અનુસાર, વર્ષો સુધી ચાલેલી તપાસ, બેન્ક રેકોર્ડ્સની ચકાસણી અને પીડિતોના નિવેદનો છતાં એવા કોઈ મજબૂત પુરાવા મળ્યા નથી કે એપસ્ટિન મોટા અને શક્તિશાળી લોકો માટે કોઈ સંગઠિત 'સેક્સ ટ્રાફિકિંગ રિંગ' ચલાવી રહ્યો હતો.

જોકે, એપસ્ટિન પોતે સગીરાઓના યૌન શોષણમાં સામેલ હોવાના પુરાવા મળ્યા હતા, પરંતુ તેના હાઈ-પ્રોફાઈલ મિત્રો આ ગુનામાં સીધી રીતે સામેલ હતા કે કેમ તે અંગે પૂરતા પુરાવા મળ્યા નથી. હાલમાં એસોસિએટેડ પ્રેસ અને અન્ય મીડિયા સંસ્થાઓ લાખો પાનાના આ દસ્તાવેજોની તપાસ કરી રહી છે, જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ, બિલ ક્લિન્ટન અને બિલ ગેટ્સ જેવા મોટા નામોનો પણ ઉલ્લેખ હોવાનું મનાય છે. આગામી સમયમાં આ મામલે વધુ ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

## અમેરિકામાં વ્યસ્ત રસ્તા પર પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સોમવારે અમેરિકાના જ્યોર્જિયામાં એક વિમાન વ્યસ્ત રસ્તાની વચ્ચે લેન્ડ થયું હતું. ત્યારબાદ તે અનેક વાહનો સાથે અથડાયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, વિમાનમાં એરપોર્ટ સુધી પહોંચવા માટે કોઈ પાવર બચ્યો નહોતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યો છે, જેમાં વિમાન એક વ્યસ્ત રસ્તા પર ઉતરતું અને પછી અનેક વાહનો સાથે અથડાતું દેખાય છે. પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માતમાં ઘણા લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી.પોલીસે જણાવ્યું હતું કે લેન્ડિંગ પછી વિમાનની જમણી પાંખ એક વાહન સાથે અથડાઈ હતી અને વિમાનનું ફ્યુઅલ ટેક્ન લૂઝ થઈને એક SUVના પાછળના ભાગમાં ઘૂસી ગયું હતું. પ્લેન લેન્ડિંગ બાદ રસ્તાને બંધ કરી દેવામાં આવ્યો હતો અને લોકોને વધુ ટ્રાફિકમાં વિલંબ થવાની જાણ કરાઈ હતી. વિમાન ગેન્સવિલે લી ગિલ્મર મેમોરિયલ એરપોર્ટથી કેન્ટનના ચેરોકી કાઉન્ટી રિજનલ એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું ત્યારે અકસ્માત થયો હતો. પ્રસ્થાન પછી થોડા સમય પછી પાયલટને એન્જિનમાં સમસ્યાનો અનુભવ થયો. ત્યારબાદ તેણે ગેઈન્સવિલે તરફ પાછા ફરવાનું નક્કી કર્યું. આ મામલો હાલમાં તપાસ હેઠળ છે.

### આદિત્યનાથે બાબરી મસ્જિદ અંગે મોટું નિવેદન આપ્યું

# બાબરી મસ્જિદનું માળખું કયામતના દિવસ સુધી ફરી નહીં બને

## બારાબંકીના કાર્યક્રમમાં રાજ્યના મંત્રી, ભાજપ કાર્યકરો અને સંત સમાજના લોકો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તર પ્રદેશ,

બારાબંકીમાં ઉત્તર પ્રદેશના ઝસ યોગી આદિત્યનાથે બાબરી મસ્જિદ અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'બાબરી મસ્જિદનું માળખું કયામતના દિવસ સુધી ફરી નહીં બને. અમે કહ્યું હતું કે, રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે. મંદિર ત્યાં જ બની ગયું. આજે અમે ફરી કહી રહ્યા છીએ કે, કયામત સુધી બાબરી મસ્જિદ નહીં બને. જે લોકો કયામતના દિવસનું સ્વપ્ન જોઈ રહ્યા છે તે દિવસ ક્યારેય આવવાનો જ નથી. આ સરકાર જે બોલે છે તે કરી દેખાડે છે અને જેટલું કરે છે તેટલું જ બોલે છે. અમે કહ્યું કે, રામ લલ્લા હમ આયેંગે, મંદિર વહીં બનાયેંગે, તેમાં કોઈ શંકા છે?'

CM યોગીએ આગળ કહ્યું કે, 'જે લોકો કયામતના દિવસ આવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, તે આમ જ સડી જશે. તે દિવસ ક્યારેય નથી આવવાનો. તેમના સપનાને આપણે આપણા વારસાનું સન્માન કરીને અને ભારત અને સનાતન ધર્મની આ ભવ્ય પરંપરાને આગળ ધપાવીશું.'

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન મોદીએ ૨૫ નવેમ્બરના રોજ અયોધ્યા ધામમાં આવીને સનાતનના પ્રતીક શ્રી રામ મંદિરમાં ભવ્ય કેસરિયા ધ્વજનું આરોહણ કર્યું હતું. આ કેસરિયો ધ્વજ ભારતના આ ગૌરવને હંમેશા આગળ વધારતો રહેશે.

બારાબંકીના કાર્યક્રમમાં રાજ્યના મંત્રી, ભાજપ કાર્યકરો અને સંત સમાજના લોકો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રીએ ભાજપ સરકારની સિદ્ધિઓનો પણ ગણાવી. તેમણે કહ્યું કે રાજ્યમાં ૧૬ કરોડ પરિવારોને દર વર્ષે પેન્શન આપવામાં આવી રહ્યું છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ભારત અને સનાતન ધર્મ એકબીજાના પૂરક છે, બંનેને અલગ કરીને ન રાખી શકાય. સનાતન ધર્મ પર વિશ્વભરમાંથી થઈ રહેલા પ્રહારથી આપણે સતર્ક રહેવું પડશે. કારણ કે જે લોકોને ભારતની પ્રગતિ સારી નથી લાગી રહી, જે લોકોને ભારતનો વિકાસ પસંદ નથી આવી રહ્યો અને જેઓ વિકસિત ભારતની સંકલ્પનાને પચાવી નથી શકતા તેઓ કાવતરાં ઘડી રહ્યા છે. કેટલાક લોકો ષડયંત્ર કરી રહ્યા છે, કેટલાક ષડયંત્રનો શિકાર બની રહ્યા છે, અને કેટલાક પોતાને વેચીને તેના માટે કામ કરી રહ્યા છે. આપણે આ ત્રણ પ્રકારની દુષ્ટ વૃત્તિઓને રોકવા માટે પોતાને તૈયાર કરવા પડશે.

### કેદારનાથ જનારાં માટે મહત્વના સમાચા

# ખરાબ હવામાનમાં હેલિકોપ્ટર ઉડાન પર પ્રતિબંધ લગાવાયો

## સુરક્ષિત લેન્ડિંગ અને ઉડાન સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉત્તરાખંડ,

ઉત્તરાખંડમાં આગામી એપ્રિલ ૨૦૨૬થી શરૂ થનારી ચાર ધામ યાત્રા માટે તંત્રએ અત્યારથી જ તૈયારીઓ તેજ કરી દીધી છે. ખાસ કરીને કેદારનાથ ધામ માટેની હેલિકોપ્ટર સેવાઓને લઈને ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ (UKADA) એ મોટા ફેરફારોની જાહેરાત કરી છે. આ વખતે યાત્રાળુઓની સુરક્ષા અને હવામાનની અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે.

UKADAના CEO આશિષ ચૌહાણે જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૩માં શરૂ થયેલી હેલિકોપ્ટર કંપનીઓની મુદત ૨૦૨૫માં પૂર્ણ થઈ રહી છે. આથી, ૨૦૨૬ની યાત્રા માટે ટૂંક સમયમાં જ નવી ઉડ્ડયન કંપનીઓ માટે ટેન્ડર બહાર પાડવામાં આવશે. આ વખતે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) દ્વારા જારી કરાયેલ કડક માર્ગદર્શિકાનું પાલન કરવું ફરજિયાત રહેશે. સુરક્ષિત લેન્ડિંગ અને ઉડાન સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક



સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલમાં મૂકવામાં આવશે.

સુરક્ષાના કારણોસર લેવાયેલા સૌથી મોટા નિર્ણયમાં, કેદારનાથ માટેની શટલ સેવાઓમાં ૩૦ ટકાનો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. અગાઉ દરરોજ અંદાજે ૨૬૪ શટલ ફેરા થતા હતા, જે હવે ઘટાડીને માત્ર ૧૮૪ કરવામાં આવ્યા છે. ખાસ કરીને જ્યારે હવામાન ખરાબ હોય અથવા વિઝિબિલિટી ઓછી હોય, ત્યારે કોઈપણ સંજોગોમાં હેલિકોપ્ટરને ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિર્ણય ખીણમાં થતા અકસ્માતો રોકવા માટે લેવાયો છે.

દર વર્ષે લાખો ભક્તો બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની મુલાકાત લે છે. પહાડી રસ્તાઓ પર મુસાફરી કરવી મુશ્કેલ હોવાથી મોટી સંખ્યામાં વૃદ્ધો અને અશક્ત લોકો હેલિકોપ્ટર સેવાનો લાભ લે છે. ગુપ્તકાશી, ફાટા અને સિરસી જેવા બેઝ કેમ્પ પરથી આશરે નવ જેટલી કંપનીઓ સેવા પૂરી પાડે છે. નવી ટેન્ડર પ્રક્રિયા બાદ ફેબ્રુઆરી-માર્ચ સુધીમાં ઓનલાઈન બુકિંગની પ્રક્રિયા પણ શરૂ થવાની સંભાવના છે.

### લોકસભામાં સરકારને ઘેરી ધારદાર સવાલો કર્યા

# લોકસભામાં અખિલેશ યાદવે ભારત અમેરિકા ટ્રેડ ડીલ પર ઉઠાવ્યા સવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

લોકસભામાં હાલ ભારે હંગામો ચાલી રહ્યો છે. એક તરફ કોંગ્રેસે સ્પીકર ઓમ બિરલા સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ જાહેર કરી છે.

બીજી તરફ સત્તાપક્ષ તરફથી સંસદીય કાર્યમંત્રી કીરેન રિજુજુએ ફ્લોર લીડર્સ સાથે બેઠક કરી છે. સંસદ શરૂ થતાં જ આઠ કોંગ્રેસના સાંસદોના સસ્પેન્સન મુદ્દે વિપક્ષે ભારે હોબાળો કર્યો હતો. તેવામાં બપોરે ૧૨ વાગ્યા સુધી તે બાદ ૨ વાગ્યા સુધી સદનની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. બાદમાં સપા સાંસદ અને પ્રમુખ અખિલેશ યાદવે બજેટ અને અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અંગે લોકસભામાં સરકારને ઘેરી ધારદાર સવાલો કર્યા હતા. અખિલેશ યાદવે અમેરિકા સામેની ટ્રેડમાં ઢીલ હોવાનો દાવો કરી કહ્યું હતું કે, 'ભાજપ કહી રહ્યું છે કે દુનિયામાં ઘણા દશો સાથે ફ્રી ટ્રેડ ડીલ કરી લેવામાં આવી છે. હું સરકાર પાસે જાણવા માગું છું કે કેટલા દેશ બચ્યા છે જેની સાથે હજુ ફ્રી ટ્રેડ ડીલ બાકી છે. ઘણા લોકો રૂપિયાને લઈને ઉંમર પર સવાલ ઉઠાવી રહ્યા છે તો આ ડીલ બાદ રૂપિયો ક્યાં જશે. જો ડીલ કરવી જ હતી તો પહેલા કેમ ન કરી ૧૧ મહિનાની રાહ કેમ જોઈ, આ ડીલ નહીં સરકારે ઢીલ કરી છે. દેશ જાણવા ઈચ્છે છે કે ૧૮ વધારે છે કે ઝીરો વધારે છે. બજેટ પહેલા બન્યું કે ડીલ?' આ ઉપરાંત અખિલેશ યાદવે બજેટ પર પણ સવાલો ઊભા કરતાં જણાવ્યું કે, 'બજેટમાં ગરીબ અને પછાત વર્ગ માટે કાઈ છે જ નહીં.

આપણે આટલા બજેટ લાવીએ છીએ પણ મફતમાં અનાજ લેતા લોકોની આવક વધારી શકતા નથી. અટલ બિહારી વાજપેયીના નામથી કોઈ એક્સપ્રેસ વે બની રહ્યો હતો, જનતાની સાથે જ તેનું નામ બદલી કાઢવામાં આવ્યું, પહેલા ચંબલ બાદમાં અટલજીના નામ પર..લાગી રહ્યું છે કે બધુ કાગળ પર થઈ રહ્યું છે.' 'સરકાર વારંવાર ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરી રહી છે. આ ડીલ બાદ ખેડૂતોનું શું થશે? જ્યારે બધુ વિદેશથી આવવા લાગશે તો ખેડૂતો શું ઉગાડશે અને શું વેચશે? સરકાર એગ્રી ઈન્ફ્રા, મંડી તૈયાર કરવાની માત્ર વાતો કરી રહી છે. ખેડૂતોને હજુ સુધી MSP ની કાયદાકીય ગેરંટી આપી શકી નથી. સરકાર હર્ટીકલ્ચર ક્રોપ અને દૂધ ઉત્પાદનના આંકડા ગણાવે છે:MSP ની ગેરંટી ક્યારે આપશે. જો ખેડૂતોને કોઈ લાભ નહીં મળે તો તે કેવી રીતે ઘર ચલાવશે. બાળકોને કેવી રીતે ભણાવશે? આજે સોનાના ભાવ ક્યાંથી ક્યાં પહોંચી ગયા છે, પહેલા ગરીબ વિચારતો હતો કે દીકરીની વિદાયમાં સોનાનું કાઈક આપીશું આ સરકાર ચાલતી રહી તો ચાંદી તો દૂર લોખંડ કે પીતળનું વરખ ચઢાવીને પણ દીકરીને વિદાયમાં નહીં આપી શકે.'

### CM હિમંતાનું મોટું પગલુ

# ગૌરવ ગોગોઈ સહિત ૩ નેતાઓ પર ૫૦૦ કરોડનો માનહાનિ કેસ દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)આસામ,

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કોંગ્રેસના નેતાઓ પર મોટો કાનૂની હુમલો કર્યો છે જેમાં તેમણે ૫૦૦ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે. મુખ્યમંત્રીએ આ કેસ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ જિતેન્દ્ર સિંહ, ભૂપેશ બઘેલ અને આસામ કોંગ્રેસના પ્રમુખ ગૌરવ ગોગોઈ સામે દાખલ કર્યો છે. સરમાનો આરોપ છે કે આ નેતાઓએ જમીન સંબંધિત મામલામાં તેમની સામે ખોટા અને દ્વેષપૂર્ણ આરોપો લગાવ્યા છે.

ગયા અઠવાડિયે ગૌરવ ગોગોઈએ દાવો કર્યો હતો કે કોંગ્રેસની તપાસમાં ખુલાસો થયો છે કે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા અને તેમના પરિવારના સભ્યોએ રાજ્યભરમાં આશરે ૧૨,૦૦૦ વીઘા જમીન પર અતિક્રમણ કર્યું છે. આ આરોપથી આસામમાં રાજકીય ખળભળાટ મચી ગયો.

ગોગોઈના આરોપોના થોડા કલાકો પછી, મુખ્યમંત્રી શર્માએ સ્પષ્ટ કર્યું કે તેઓ પુરાવા વિના લગાવવામાં આવેલા આરોપો સામે માનહાનિનો દાવો દાખલ કરશે. ત્યારબાદ મંગળવારે, તેમણે કોર્ટમાં ૫૦૦ કરોડના નુકસાનની માંગણી માટે દાવો દાખલ કર્યો. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે આજે મેં કોંગ્રેસના નેતાઓ જિતેન્દ્ર સિંહ, ભૂપેશ બઘેલ અને ગૌરવ ગોગોઈ સામે ૫૦૦ કરોડના નુકસાનની માંગણી કરતો માનહાનિનો કેસ દાખલ કર્યો છે. આ નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ દ્વારા મારા વિરુદ્ધ ખોટા, દ્વેષપૂર્ણ અને બદનક્ષીભર્યા આરોપો લગાવ્યા હતા. સરમાએ અગાઉ કોંગ્રેસના નેતાઓ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે તેઓ ગાંધી પરિવારના ગુલામો દ્વારા કરવામાં આવતા પ્રચાર, બદનક્ષીના પ્રયાસો અથવા રાજકીય નાટકથી ડરશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે હિટ-એન્ડ-રન રાજકારણનો યુગ સમાપ્ત થઈ ગયો છે. જો તેમની પાસે કોઈ હિંમત કે પુરાવા હોય, તો તેમણે તેને કોર્ટમાં રજૂ કરવા જોઈએ.

આસામના રાજકારણમાં હિમંતા સરમા અને ગૌરવ ગોગોઈ વચ્ચેનો સંઘર્ષ વધુ તીવ્ર બન્યો છે. મુખ્યમંત્રીએ તાજેતરમાં આરોપ લગાવ્યો હતો કે ગૌરવ ગોગોઈ અને તેમની બ્રિટિશ પત્ની, એલિઝાબેથ કોલબર્ન, પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ સાથે ગાઢ સંબંધો ધરાવે છે, અને ભય વ્યક્ત કર્યો હતો કે આનાથી સંવેદનશીલ માહિતી પાકિસ્તાનને લીક થઈ શકે છે.

જોકે કોંગ્રેસે આ આરોપોનો જવાબ આપતા કહ્યું કે મુખ્યમંત્રી પાસે તેમના દાવાઓને સમર્થન આપવા માટે કોઈ દસ્તાવેજી પુરાવા નથી અને તેમણે પોતાની સમજશક્તિ ગુમાવી દીધી છે.

### રનવીરે ડોન ૩ છોડી દેતાં એક્સેલ એન્ટરટેઈન્મેન્ટને મોટું નુકસાન થયું

# રનવીર સિંહ પાસે ફરહાનના પ્રોડક્શન હાઉસે ૪૦ કરોડની માગણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

છેલ્લા લાંબા સમયથી રનવીરે ફરાહન અખ્તરની ડોન ૩ છોડી હોવાની ચર્ચાઓ ચાલી હતી પરંતુ આ અંગે એક પણ પક્ષ તરફથી કોઈ જ સ્પષ્ટતા થઈ નહોતી. ત્યારે હવે આ વાત સપાટી પર આવી ગઈ છે.

ફરહાન અખ્તરના એક્સેલ એન્ટરટેઈન્મેન્ટે રનવીર સિંહ પાસેથી ૪૦ કરોડ માગ્યા હોવાના અહેવાલો બહાર આવ્યા છે. તેમનો દાવો છે કે રનવીરના કારણે કંપનીને ફિલ્મના પ્રી પ્રોડક્શનનો ખર્ચ, શિડ્યુલિંગમાં વારંવારનો વિલંભ અને તેના પ્લાનિંગ પાછળ થયેલા ખર્ચ બદલનું વળતર માગ્યું છે. એક્સેલ દ્વારા રનવીરને મોકલાયેલા લેટરમાં એવું પણ કહેવાયું છે કે રનવીરના વારંવારના વિલંબના કારણે કંપનીએ તેમના ક્રૂના ઘણા લોકોને જવા દેવા પડ્યા અને તેમણે બહાર કામ માગવું પડ્યું.આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ''રનવીરનો દાવો છે કે તેણે ફિલ્મ છોડી કારણ કે તેને સ્ક્રિપ્ટ ગમી નહોતી. તેણે ટીમને વંરાવાર સ્ક્રીપ્ટમાં ફેરફાર કરવા કહ્યું પરંતુ તેને ફાઈનલ ડ્રાફ્ટથી સંતોષ ન થયો. બીજી તરફ એક્સેલનો દાવો છે કે રનવીરે ફિલ્મ કરવાની હા પાડી પછી જ તેમણે પ્રી પ્રોડક્શનનું કામ શરૂ કર્યું હતું.''એવા પણ અહેવાલો છે કે રનવીર સિંહ અને એક્સેલ એન્ટરટેઈન્મેન્ટની ટીમ વચ્ચે શુક્રવારે બે કલાક લાંબી મીટિંગ યોજાઈ હતી. પરંતુ આ ચર્ચાનું કોઈ નિરાકરણ આવ્યું નહોતું. જવાબદેહી અને આર્થિક જવાબદારીઓ અંગે તેમના વચ્ચે ઉગ્ર ચર્ચાઓ થઈ હતી, પરંતુ કોઈ નિરાકરણ આવ્યું નથી. હવે તેમાં કેટલાંક લોકો મધ્યસ્થી કરી રહ્યા છે અને બંને પક્ષો એક મુદ્દા પર સહમત થાય એવી કોશિશ કરી રહ્યા છે. આ મુદ્દે સોશિયલ મીડિયા પર પણ ઘણી ચર્ચા થઈ રહી હતી. બંનેના પક્ષે ટીકા અને ચર્ચાઓ થતા રહ્યા છે.આ ચર્ચાઓ અને વિવાદ વચ્ચે રનવીરનો એક ઈન્ટરવ્યુ પણ ચર્ચામાં છે, જેમાં દમદાર અભિનય અને અનોખા અંદાજ માટે જાણીતા એક્ટર રનવીર સિંહએ સ્વીકાર્યુ છે કે કેમેરાની ચકાચૌંધથી દૂર, તે ઘણીવાર શાંતિ અને સ્થિરતાની શોધમાં રહે છે. રનવીરનું કહેવું છે કે તેનું જીવન ''ક્યારેક ખૂબ જ ક્રેઝી બની જાય છે'' અને એવા સમયમાં તેને શાંતિ, નિર્ભરતા અને નિઃશબ્દ ક્ષણોની તીવ્ર જરૂરિયાત અનુભવાય છે.ધુરંધરની સફળતા પછી આપેલા એક ઈન્ટરવ્યુમાં રનવીરે જણાવ્યું કે કેટલીક વખત તેને થોડી ક્ષણો માટે અટકવાની, પોતાને ફરીથી રીસેટ કરવાની અને પોતાની લાગણીઓ તથા પોતાના શોખ સાથે ફરી જોડાવાની જરૂર પડે છે.

## પંકજ ત્રિપાઠીનો બોલિવૂડમાં બ્રેક લેવાનો મોટો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

બેસ્ટ એક્ટિંગ મામલે બોલિવૂડ અભિનેતા પંકજ ત્રિપાઠીનું નામ ખુબ જાણીતું છે. જોકે હવે તેમણે બોલિવૂડમાં બ્રેક લેવાનો મોટો નિર્ણય લીધો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક સુપરહિત ફિલ્મ આપીને ચાહકોમાં જબરદસ્ત નામ ઉભુ કરનાર પંકજ ત્રિપાઠીએ બ્રેક લેવા મામલે જાહેરમાં વાત કરી છે. પંકજ ત્રિપાઠીએ કહ્યું છે કે, તેમણે ઈમાનદારી બોલિવૂડમાં બ્રેક લેવાનો નિર્ણય લીધો છે. ફિલ્મો અને સિરીઝોમાં સતત કામ કર્યા બાદ તેમને અનુભવ થયો છે કે, તેમના અગાઉ જે ઉત્સાહ હતો, તે હવે ઘટવા લાગ્યો હતો.મીડિયા રિપોર્ટ મુજબ પંકજ ત્રિપાઠીએ પોતાની એક્ટિંગમાંથી બ્રેક લેવા પર વાત કરી છે. તેમણે કહ્યું કે, 'હું સતત પ્રોજેક્ટો પર કામ કરી રહ્યો હતો, જેનાથી મને થાક અને કંટાળાનો અનુભવ થતો હતો. મને મારા કામમાં મજા આવી રહી નથી, તેથી મારા માટે એક બ્રેક લેવો ખુબ જરૂરી હતો. હવે હું વધુ સિલેક્ટીવ થઈ ગયો છું અને મને ઉત્સાહિત કરે તેવા જ કામ કરવા માટે ઘરેથી નિકળું છું. હવે હું તે તમામ પ્રોજેક્ટો કરવા માંગતો નથી, જે મારી પાસે આવે છે.'પંકજે વધુમાં કહ્યું કે, 'હું જે જિંદગીના તબક્કામાં છું, તેમાં માત્ર એક્સાઈટમેન્ટ અને આર્ટિસ્ટિક સેટિસ્ફેક્શન માટે એક્ટિંગ કરવા માંગું છું.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### સ્પીકર ઓમ બિરલાનો મોટો નિર્ણય

# અવિશ્વાસ પ્રસ્તાવનો નિકાલ ન થાય ત્યાં સુધી લોકસભામાં હાજરી નહીં આપે

## વિપક્ષનો આરોપ છે કે સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમના વિરુદ્ધ વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર નિર્ણય ન આવે ત્યાં સુધી ગૃહમાં હાજરી ન આપવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યાં સુધી તેમને હટાવવાના પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા અને નિર્ણય ન લેવાય ત્યાં સુધી તેઓ લોકસભાની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં. જોકે સંસદીય નિયમો હેઠળ આવી કોઈ જવાબદારી નથી, ઓમ બિરલાએ ગૃહમાં હાજરી આપવાનું ટાળવાનો નિર્ણય લીધો છે.

સૂત્રો કહે છે કે સરકાર અથવા વિપક્ષ તેમને મનાવવાનો પ્રયાસ કરી શકે છે, પરંતુ તેમણે પોતાનો નિર્ણય સ્પષ્ટ કરી દીધો છે કે તેઓ ગૃહમાં હાજરી આપશે નહીં.

સૂત્રોના અનુસાર, ઓમ બિરલાએ મહાસચિવને નિર્દેશ આપ્યો છે કે, તેઓ આ નોટિસની તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરે. કોંગ્રેસ સાંસદ સુરેશ, ગૌરવ ગોગોઈ અને મોહમ્મદ જાવેદે લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહને આ અવિશ્વાસ પ્રસ્તાવ સોંપ્યો જેના પર ૧૧૮ સાંસદોએ હસ્તાક્ષર કર્યા હતા. લોકસભાની કાર્યવાહીના સંચાલનમાં પક્ષપાતપૂર્ણ રીતે આરોપ લગાવતા બંધારણની કલમ ૯૪(C) હેઠળ પ્રસ્તાવ રજૂ કરાયો છે.આ અવિશ્વાસ પ્રસ્તાવમાં નોંધનીય બાબત એ છે કે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ નોટિસ પર હસ્તાક્ષર કર્યા નથી. કોંગ્રેસના સૂત્રો મુજબ, સંસદીય લોકશાહીની ગરિમાને જાળવી રાખવા માટે વિપક્ષના નેતા સ્પીકર વિરુદ્ધના પ્રસ્તાવ પર સહી કરે તે યોગ્ય નથી. વિપક્ષનો આરોપ છે કે રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન સ્પીકરે રાહુલ ગાંધી અને અન્ય નેતાઓને બોલતા અટકાવ્યા હતા અને તેમની ટિપ્પણીઓ દ્વારા કોંગ્રેસના સભ્યો પર ખોટા આક્ષેપો લગાવવામાં આવ્યા હતા, જે ગૃહની મર્યાદાની વિરુદ્ધ છે.

વિપક્ષનો આરોપ છે કે સ્પીકર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાતી વલણ અપનાવી રહ્યા છે અને વિપક્ષનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ અંગે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'સરકારના દબાણને કારણે સ્પીકર પદની ગરિમા જળવાતી નથી અને તેમણે વડાપ્રધાનના બચાવમાં સફાઈ આપવી પડે છે, જે દુર્ભાગ્યપૂર્ણ છે.' સંસદના નિયમો મુજબ, સ્પીકરને હટાવવાનો પ્રસ્તાવ પસાર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સાંસદોનું સમર્થન જરૂરી હોય છે અને નોટિસ આપ્યાના ૧૪ દિવસ બાદ તેના પર ચર્ચા હાથ ધરવામાં આવે છે. જ્યારે આ પ્રસ્તાવ વિચારાધીન હોય, ત્યારે સ્પીકર પોતે ગૃહનું સંચાલન કરી શકતા નથી.

# ભાજપના મહિલા સાંસદોએ વિપક્ષી વર્તન સામે વ્યક્ત કરી નારાજગી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સંસદના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના સાંસદો દ્વારા કરવામાં આવેલા હોબાળા અને અશોભનીય વર્તન મામલે હવે રાજકારણ ગરમાયું છે.

ભાજપના મહિલા સાંસદોએ આ મામલે સખત નારાજગી વ્યક્ત કરતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને એક પત્ર લખીને વિપક્ષી સાંસદો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ પત્રમાં ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગૃહમાં બનેલી ઘટનાઓને 'લોકતાંત્રિક ઈતિહાસની સૌથી કાળી ક્ષણ' ગણાવવામાં આવી છે.

ભાજપના મહિલા સાંસદોએ પત્રમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વિપક્ષી સભ્યોએ ગૃહની તમામ મર્યાદાઓ ઓળંગી દીધી હતી. આ સાંસદો માત્ર ગૃહના 'વેલ'માં જ નહોતા ઘૂસ્યા, પરંતુ ગૃહના ટેબલ પર ચઢી ગયા હતા અને સરકારી દસ્તાવેજો ફાડીને અધ્યક્ષની ખુરશી તરફ ફેંક્યા હતા. પત્રમાં લખવામાં આવ્યું છે કે વિપક્ષના આ પ્રકારના કૃત્યથી આપણી લોકતાંત્રિક સંસ્થાઓની છબી ખરડાઈ છે. આ ઉપરાંત, પત્રમાં ખાસ કરીને કેટલીક મહિલા વિપક્ષી સાંસદોના આક્રમક વર્તન અને સત્તાધારી પક્ષની બેઠકો સુધી ઘૂસી આવવા સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

ભાજપના સાંસદોનો દાવો છે કે વિપક્ષી સભ્યોએ હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ લઈને વડાપ્રધાનની સીટને ઘેરી લીધી હતી અને વરિષ્ઠ મંત્રીઓ સુધી પહોંચી ગયા હતા. એટલું જ નહીં, ગૃહ સ્થગિત થયા બાદ પણ વિપક્ષી સાંસદો અધ્યક્ષના ચેમ્બર તરફ ધસી ગયા હતા અને ત્યાં પણ હોબાળો કરીને અધ્યક્ષનું ઘોર અપમાન કર્યું હોવાના આક્ષેપ ભાજપની મહિલા સાંસદોએ કર્યા છે.

# જિલ્લા પરિષદની ચૂંટણીમાં ભાજપનો પ્રચંડ વિજય

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ,

મહારાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાં ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓમાં કુલ ૭૩૧ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં ભાજપે ૨૨૫ બેઠકો જીતી હતી. મતદાનમાં ભાજપ ૧૬૫ બેઠકો સાથે આગળ રહ્યું, ત્યારબાદ ૧૬૫ બેઠકો સાથે એનસીપી બીજા સ્થાને રહ્યું. શિવસેના ૧૬૨ બેઠકો સાથે ત્રીજા સ્થાને રહી. મહારાષ્ટ્રમાં નાગરિક ચૂંટણીઓ પછી ભાજપે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓમાં પણ જંગી જીત મેળવી.

મહારાષ્ટ્રમાં ૭૩૧ જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિઓમાં મહાયુતિ ગઠબંધને ૫૫૨ બેઠકો જીતી. આ ચૂંટણીઓ માટે મતદાન ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ થયું હતું. જેમાં આશરે ૬૭ થી ૭૦ ટકા મતદાન થયું હતું.

મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીમાં કુલ ૭,૪૩૮ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી. તેમના રાજકીય ભવિષ્યનો નિર્ણય સોમવારે લેવામાં આવ્યો હતો. ૧૨ જિલ્લાઓમાં ૭૩૧ જિલ્લા પરિષદ બેઠકો અને ૧૪૬૨ પંચાયત સમિતિ બેઠકો માટે મતદાન યોજાયું હતું.

જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણી દરમિયાન ગ્રામીણ વિસ્તારોના મતદારોમાં નોંધપાત્ર મતદાન ઉત્સાહ જોવા મળ્યો હતો અને લોકોએ ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

### અબ્દુલ રહેમાન પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ હતો

# અયોધ્યા રામ મંદિર પર હુમલાનું કાવતરું ઘડનારાની જેલમાં હત્યા

## અબ્દુલ રહેમાનનો કથિત રીતે ISI સાથે સબંધ હોવોની માહિતી મળી હતી. અબ્દુલ રહેમાન અયોધ્યાના ઈનાયત નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા,

હરિયાણાની ફરીદાબાદ જેલમાં બંધ અયોધ્યા રામ મંદિર પર કથિત રીતે હુમલાનું કાવતરું ઘડનાર અબ્દુલ રહેમાનની હત્યા કરી દેવામાં આવી છે. ૧૯ વર્ષીય અબ્દુલ રહેમાન પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ હતો. માર્ચ ૨૦૨૫માં હરિયાણા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) અને ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્કવોડ (ATS)એ તેની ધરપકડ કરી હતી. રવિવારે રાત્રે ૮:૦૦ વાગ્યે ફરીદાબાદ જિલ્લા જેલમાં અબ્દુલ રહેમાન પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે સાથી કેદી અરુણ ચૌધરીએ તેના માથા પર તીક્ષ્ણ વસ્તુ કે પથ્થરથી ગંભીર પ્રહાર કર્યો હતો. હુમલા બાદ અબ્દુલ રહેમાનને સારવાર માટે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ કેસમાં નવો વળાંક આવ્યો છે. રોહિત ગોદારા ગેંગ તરફથી ફરીદાબાદ જેલમાં અબ્દુલ રહેમાનની હત્યા પર એક પોસ્ટ સામે આવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા રોહિત ગોદારા ગેંગના સભ્ય મહેન્દ્ર ડેલાનાએ હત્યાના આરોપી અરુણ ચૌધરીનું સમર્થન વ્યક્ત કર્યું છે. ડેલાનાએ લખ્યું કે, જે પણ દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. તેની ધરપકડ દરમિયાન સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ અબ્દુલ રહેમાન પાસેથી બે હેન્ડ ગ્રેનેડ રિકવર કર્યા હતા. અબ્દુલ રહેમાનનો કથિત રીતે ISI સાથે સબંધ હોવોની માહિતી મળી હતી. અબ્દુલ રહેમાન અયોધ્યાના ઈનાયત નગર પોલીસ સ્ટેશન વિસ્તારનો રહેવાસી હતો. બે દિવસ પહેલા જ તેનો પરિવાર તેની સાથે મુલાકાત કરીને અયોધ્યા પરત ફર્યો હતો. તપાસ એજન્સીઓએ અબ્દુલ રહેમાન પર રામ મંદિર સંકુલ પર ગ્રેનેડ હુમલાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો.

મહેન્દ્ર ડેલાનાએ પોસ્ટમાં લખ્યું કે, 'રામ રામ ભાઈઓ હું મહેન્દ્ર ડેલાના (રોહિત ગોદારા ગ્રુપ). ભાઈઓ કાલે રાત્રે ફરીદાબાદ જેલમાં અબ્દુલ રહેમાનની હત્યા કરી દેવામાં આવી, જે એક આતંકવાદી હતો અને રામ મંદિર પર હુમલો કરવાની પ્લાનિંગમાં સામેલ હતો. જ્યારે તેની ફરીદાબાદમાં ધરપકડ કરવામાં આવી હતી ત્યારે તેની પાસેથી ૨ ગ્રેનેડ મળ્યા હતા અને તે દેશ વિરુદ્ધ અનેક આતંતવાદી પ્રવૃતિઓમાં સામેલ હતો. ભાઈ અરુણ ચૌધરીએ તેને તેના અંજામ સુધી પહોંચાડ્યો, અને તેનો દિલથી આભાર માનીએ છીએ. જે પણ અમારા દેશની વિરુદ્ધ જશે તેનો આ જ અંજામ આવશે. ભાઈ અરુણ ચૌધરીને અમે દિલથી સલામ કરીએ છીએ.'

બીજી તરફ જેલમાંથી ફોન આવ્યા બાદ અબ્દુલ રહેમાનનો પરિવાર ફરીદાબાદ જવા રવાના થઈ ગયો હતો. મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. અબ્દુલ રહેમાનની ૨ માર્ચ, ૨૦૨૫ના રોજ હરિયાણાના પાલી ગામ નજીક બે હેન્ડ ગ્રેનેડ સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસે રામ મંદિર સંબંધિત વિગતો ધરાવતા વીડિયો પણ મળી આવ્યા હતા. અબ્દુલ રહેમાન તેના પરિવારનો એકમાત્ર વારસદાર હતો.

### ઈઝરાયલની ટ્રમ્પને ચેતવણી

# ઈરાન સાથે દુશ્મનાવટ મામલે ઈઝરાયલે હવે અમેરિકાને જ આપી ધમકી

## ઈરાનનો આક્રમક મિસાઈલ કાર્યક્રમ તેમના અસ્તિત્વ માટે મોટો ખતરો છે, તેથી તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરવા તૈયાર નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈરાન,

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા તણાવને કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકા દ્વારા ઈરાનને વારંવાર લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી રહી છે, જે દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વોશિંગ્ટનની મુલાકાતે જઈ રહ્યા છે.

ઈઝરાયલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ઈરાન તેની બેલિસ્ટિક મિસાઈલની નિર્ધારિત 'રેડ લાઈન' ઓળંગશે, તો ઈઝરાયલ અમેરિકાની મદદ વગર પણ એકલે હાથે તેહરાન પર સૈન્ય હુમલો કરી શકે છે. ઈઝરાયલના રક્ષા અધિકારીઓનું માનવું છે કે ઈરાનનો આક્રમક મિસાઈલ કાર્યક્રમ તેમના અસ્તિત્વ માટે મોટો ખતરો છે, તેથી તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરવા તૈયાર નથી.

ઈઝરાયલને એવી ચિંતા સતાવી રહી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ ઈરાન પર માત્ર મર્યાદિત લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ પસંદ કરી શકે છે, જે રીતે યમનમાં હુતી બળવાખોરો સામે કરવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે જો અમેરિકા માત્ર જૂજ ટાર્ગેટ પર હુમલો કરીને સંતોષ માની લેશે, તો ઈરાનની મુખ્ય સૈન્ય અને મિસાઈલ ક્ષમતા સુરક્ષિત રહેશે અને તેનો ભોગ અંતે ઈઝરાયલને બનવું પડશે. આ ગંભીર ચર્ચાઓ વચ્ચે ઈઝરાયલની વાયુસેનાના ભાવિ કમાન્ડર બ્રિગેડિયર જનરલ ઓમર ટિશલર પણ નેતન્યાહુ સાથે અમેરિકા જશે, જે આક્રમક રણનીતિના સંકેત આપે છે.

બીજી તરફ, ઓમાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીતમાં કોઈ નક્કર પરિણામ આવતું દેખાતું નથી. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે તેહરાન બેલિસ્ટિક મિસાઈલો અથવા તેમના પ્રાદેશિક સંગઠનો(પ્રોક્સી ગૃપ્સ) મુદ્દે કોઈ ચર્ચા કરશે નહીં. ઈરાને પોતાના પરમાણુ પ્રોજેક્ટને કાયમી ધોરણે બંધ કરવાની માંગ પણ ફગાવી દીધી છે. આ તણાવ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈએ જનતાને સંબોધતા કહ્યું છે કે, 'રાષ્ટ્રની સાચી તાકાત માત્ર મિસાઈલોમાં જ નહીં, પરંતુ દુશ્મનને જડબાતોડ જવાબ આપવાના મક્કમ નિર્ધારમાં છે.' બુધવારે ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિની ઉજવણી માટે રેલીઓ યોજાવાની છે, જેની પૂર્વસંધ્યાએ આ નિવેદન પશ્ચિમના દેશો માટે મોટો પડકાર માનવામાં આવે છે.

# ૭ વર્ષ બાદ ફરી તલાટીઓ વસૂલશે મહેસૂલ, સિટી સર્વે કચેરીનો બોજ હળવો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજ્યભરમાં મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારમાં મહેસૂલની વસૂલાતની સત્તા તલાટીઓ પાસેથી આંચકી સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી પરંતુ આ સત્તા ફરીથી સાત વર્ષે પંચાયત તલાટીઓને સોંપવાનો નિર્ણય સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક દ્વારા લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૧૮માં પ્રસિધ્ધ થયેલા જાહેરનામા મુજબ મહેસૂલ ઉઘરાવવાની સત્તા તલાટીઓ પાસે હતી તે સત્તા તેઓ પાસેથી લઈને સિટી સર્વે કચેરીના મેન્ટેનન્સ સર્વેયરોને સોંપવામાં આવી હતી. મેન્ટેનન્સ સર્વેયરોને મહેસૂલ ઉઘરાવવાની સત્તા અપાતા જ શરૂઆતથી જ વિરોધનો વંટોળ શરૂ થયો હતો. પ્રોપર્ટીકાર્ડ બનાવવા ઉપરાંત માપણી સહિતની કામગીરી તેમજ ઓછો સ્ટાફ હોવાથી કામના બોજના કારણે મહેસૂલની ઉઘરાણી મુશ્કેલ બનતી હતી.આ અંગે ઉચ્ચ કક્ષાએ સિટી સર્વે કર્મચારીઓ દ્વારા રજૂઆતો પણ કરવામાં આવી હતી. દરમિયાન તા.૫ ફેબ્રુઆરીના રોજ સેટલમેન્ટ કમિશનરે એક પરિપત્ર બહાર પાડી તમામ જિલ્લા કલેકટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓને મોકલવામાં આવ્યો હતો. આ નવા પરિપત્રના નિયમો મુજબ હવે મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તનીય વિસ્તાર સિવાયના અને સિટી સર્વે સહિતના તમામ વિસ્તારોમાં બિનખેતીની ગામ નમૂના નંબર-૨ની વસૂલાત પહેલાની જેમ જ પંચાયત વિભાગ દ્વારા એટલે કે તલાટીઓ દ્વારા કરવાની રહેશે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, અગાઉ જ્યારે જાહેરનામું બહાર પડાવામાં આવ્યું હતું. ત્યારે જ સિટી સર્વે કચેરીઓએ માત્ર પરિવર્તનીય વિસ્તાર સ્પષ્ટ લખ્યું હતું પરંતુ તેનો અર્થ અલગ થતા તલાટીઓ દ્વારા વસૂલાતી મહેસૂલની રકમ સિટી સર્વે કચેરીઓના મેન્ટનન્સ સર્વેયરોના માથે નાખી દેવામાં આવી હતી. મહેસૂલ વસૂલવાની સત્તા કોના માથે તે અંગે છેલ્લા સાત વર્ષથી વિવાદ ચાલતો હતો. અગાઉ જાહેરનામા મુજબ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તનીય વિસ્તાર એટલે કે સૂચિત સોસાયટીઓની મિલકતોનું મહેસૂલ વસૂલવા માટેની સત્તા સિટી સર્વે કચેરીઓને સોંપવામાં આવી હતી પરંતુ તેનો અર્થ અલગ કરીને તમામ મહેસૂલ વસૂલવાની કામગીરી સિટી સર્વે કચેરીઓના માથે નાંખી દેવાઈ હતી.

### ટાઈમ ટેબલ અને પેપર સ્ટાઈલ જાહેર

# ધો. ૩ થી ૮ ની પરીક્ષા ૬ એપ્રિલથી શરૂ થશે

## શાળાઓમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી આગામી ૬ April ૨૦૨૬ થી ૨૨ April ૨૦૨૬ દરમિયાન પરીક્ષાઓ યોજવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગાંધીનગરથી ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'દ્વિતીય સત્રાંત કસોટી' એટલે કે વાર્ષિક પરીક્ષાનું બ્યુગલ હવે સત્તાવાર રીતે વાગી ગયું છે. 'ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ' દ્વારા પરીક્ષાનું સત્તાવાર સમયપત્રક જાહેર કરી દેવામાં આવ્યું છે. રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર (Private) શાળાઓમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી આગામી ૬ April ૨૦૨૬ થી ૨૨ April ૨૦૨૬ દરમિયાન પરીક્ષાઓ યોજવામાં આવશે.

GCER ના પરિપત્ર મુજબ, પરીક્ષા બે અલગ-અલગ તબક્કામાં અને સમય મુજબ લેવામાં આવશે. જેમાં ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૬ April થી શરૂ થઈને ૧૧ April સુધી ચાલશે. આ પરીક્ષાનો સમય સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ વિદ્યાર્થીઓ માટે કુલ ૪૦ માર્ક્સનું પેપર રહેશે અને મહત્વની વાત એ છે કે તેમણે જવાબો 'પ્રશ્નપત્રમાં જ' લખવાના રહેશે, અલગ ઉત્તરવહી આપવામાં આવશે નહીં.

બીજી તરફ, ધોરણ ૬ થી ૮ (Std 6 to ૮) ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૩ April થી શરૂ થઈને ૨૨ April સુધી ચાલશે. તેમનો સમય સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે અને પેપર કુલ ૮૦ માર્ક્સનું રહેશે. આ ધોરણના વિદ્યાર્થીઓએ જવાબો અલગ 'ઉત્તરવહી' (Answer Sheª) માં લખવાના રહેશે. આ વ્યવસ્થા વિદ્યાર્થીઓની વય અને ક્ષમતા મુજબ ગોઠવવામાં આવી છે.

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' (NEP) ને ધ્યાનમાં રાખીને આ વર્ષે પ્રશ્નપત્રના પરિરૂપ એટલે કે 'પેપર સ્ટાઈલ' (Paper Style) માં પણ મહત્વનો અને મોટો બદલાવ કરવામાં આવ્યો છે. નવા નિયમ મુજબ, આ વખતની પરીક્ષામાં કુલ પ્રશ્નોના ૩૦% પ્રશ્નો 'પરખ' (PARAKH) રાષ્ટ્રીય સર્વેક્ષણ અંતર્ગત 'લર્નિંગ આઉટકમ' (Learning Outcome - LO) આધારિત પૂછવામાં આવશે. એટલે કે ગોખણપટ્ટીને બદલે વિદ્યાર્થીની સમજશક્તિ ચકાસવામાં આવશે.

અભ્યાસક્રમની વાત કરીએ તો, પરીક્ષામાં નવેમ્બરથી માર્ચ સુધીનો દ્વિતીય સત્રનો 'અભ્યાસક્રમ' ધ્યાને લેવામાં આવશે. શિક્ષણ વિભાગે ખાનગી શાળાઓ માટે પણ કડક સૂચનાઓ જારી કરી છે. સ્વનિર્ભર શાળાઓએ પણ મુખ્ય વિષયો જેવા કે ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણના પેપર GCERT ના ફોર્મેટ મુજબ જ તૈયાર કરવાના રહેશે અને તે જ સમયે પરીક્ષા લેવી ફરજિયાત રહેશે.અન્ય એક મહત્વના નિર્ણયમાં, જો પરીક્ષાના દિવસો દરમિયાન કોઈ જિલ્લામાં 'સ્થાનિક રજા' જાહેર કરાઈ હોય, તો તે રદ ગણીને પણ નક્કી કરેલા ટાઈમ ટેબલ મુજબ પરીક્ષા લેવી પડશે.

જોકે, 'સમાવેશી શિક્ષણ' અંતર્ગત દિવ્યાંગ બાળકો માટે પરીક્ષામાં વિશેષ છૂટછાટ અને નિયમોનું પાલન કરવાનું રહેશે, જેથી તેઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે.

### રાજીનામાંની અટકળો વચ્ચે PM સ્ટાર્મરનું મોટું નિવેદન

# એપસ્ટિન ફાઈલ્સના કારણે યુકેના રાજકારણમાં ભૂકંપ

## આ વિવાદ વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર તરીકે પીટર મેન્ડલસનની નિમણૂકને લઈને શરૂ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બ્રિટન,

બ્રિટનના રાજકારણમાં અત્યારે ભારે ખળભળાટ મચી ગયો છે. વડાપ્રધાન કીર સ્ટાર્મર કુખ્યાત ગુનેગાર જેફરી એપ્સ્ટિન સાથે જોડાયેલા વિવાદને કારણે ચોતરફથી દબાણમાં છે. આ વિવાદ વોશિંગ્ટનમાં બ્રિટિશ એમ્બેસેડર તરીકે પીટર મેન્ડલસનની નિમણૂકને લઈને શરૂ થયો છે, કારણ કે મેન્ડલસનના એપ્સ્ટિન સાથેના સંબંધોના દસ્તાવેજો સામે આવ્યા છે. આ મામલે સ્ટાર્મરે પહેલા માફી માંગી હતી અને સાંસદો પાસે કાર્યકાળ પૂરો કરવા માટે સમર્થન માંગ્યું હતું, પરંતુ હવે તેમના સૂર બદલાયા છે. તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે તેઓ વડાપ્રધાન પદ પરથી રાજીનામું નહીં આપે અને છેલ્લા શ્વાસ સુધી આ વિવાદ સામે લડત આપશે.જોકે, લેબર પાર્ટીની અંદરથી જ સ્ટાર્મર સામે બળવો ફાટી નીકળ્યો છે. અનેક સાંસદો અને સ્કોટલેન્ડમાં પાર્ટીના નેતા એનાસ સરવરે પણ નેતૃત્વ પરિવર્તનની માંગ કરી છે. વિરોધ પક્ષો પણ કહી રહ્યા છે કે સ્ટાર્મરના ખોટા નિર્ણયોને કારણે દેશની સાખને નુકસાન થયું છે. આ દબાણ વચ્ચે સ્ટાર્મરે બંધ બારણે બેઠક યોજી હતી, જેમાં તેમણે આક્રમક રીતે કહ્યું હતું કે તેઓ કોઈ પણ સંજોગોમાં મેન્ડેટથી પાછળ હટશે નહીં. આ બેઠક બાદ ડેપ્યુટી પીએમ ડેવિડ લેમી અને વિદેશ મંત્રી યવેટ કૂપર જેવા મોટા નેતાઓએ જાહેરમાં સ્ટાર્મરને ટેકો જાહેર કર્યો છે. બીજી તરફ, આ વિવાદની ગંભીરતાને જોતા પોલીસ હવે પીટર મેન્ડલસન વિરુદ્ધ જાહેર પદના દુરુપયોગના શંકાસ્પદ આરોપો હેઠળ તપાસ કરી રહી છે. વડાપ્રધાનના નજીકના સાથી અને ચીફ ઓફ સ્ટાફ મોર્ગન મેકસ્વીનીએ પહેલેથી જ આ નિમણૂકની જવાબદારી સ્વીકારીને રાજીનામું આપી દીધું છે. સ્ટાર્મરે એપ્સ્ટિનના પીડિતોની માફી માંગી છે અને નિમણૂક સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર કરવાનું વચન આપ્યું છે. અત્યારે બ્રિટિશ સંસદીય પ્રણાલીમાં ચૂંટણી વગર પણ વડાપ્રધાન બદલી શકાતા હોવાથી સ્ટાર્મરની ખુરશી પર જોખમ તોળાઈ રહ્યું છે.

**પશ્ચિમ રેલ્વે**

**કાટગ્રસ્ત OHE માળખાઓની બદલી**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ ટેન્ડર નંબર: WR-MMCTOESUB(ESOT)/19/2025 આમંત્રિત કરે છે. કામનું નામ: ચર્ચગેટ -વિરાર વિભાગ - કાટ લાગતા OHE માળખા અને મહત્વપૂર્ણ ઇમ્પ્લાન્ટેશન ધરાવતા O H E માળખાને બદલવાનું. કામનો અંદાજિત ખર્ચ: ₹9,72,85,217/-બિડ સુરક્ષા: ₹6,36,400/- સબમિટ કરવાની તારીખ અને સમય: તા. 06.03.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 06.03.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1099

અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કામો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (ડબ્લ્યુએ), વેસ્ટર્ન રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ટેન્ડર સૂચના નં.: BCT/25-26/314 તારીખ 06.02.2026 કામ અને સ્થળ: (1) લોઅર પરેલ - લોઅર પરેલ ખાતે વિવિધ ઓફિસ બિલ્ડિંગ અને સંલગ્ન કામોના છત પર લીકેજનું સમારકામ (2) સર્વિસ બિલ્ડિંગ અને ઓગસ્ટ ક્રાંતિ કોલોનીનું સમયાંતરે રંગકામ અને નાના સમારકામ. કામનો અંદાજિત ખર્ચ: ₹ 2,25,15,614.66 EMD: ₹ 2,62,600/- જમા કરાવવાની તારીખ અને સમય: તા. 10.03.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 10.03.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1105

અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**પુરવઠો, સ્થાપન, પરીક્ષણ, કમિશનિંગ અને સિગ્નલિંગ કાર્ય**

સિનિયર DSTE/N/MMCT ટેન્ડર નંબર: તારીખ SG_216_2_114_137_WA_R તા. 06.02.2026 કામ અને સ્થળ: SSE/વલસાડ અને SSE/સુરતના અધિકારક્ષેત્ર હેઠળ વિશ્વસનીયતા સુધારણા અને ખામીયુક્ત/વધુ વયનામિડલાઇફ સિગ્નલિંગ ગિયર્સની બદલીના કાર્ય સાથે સંબંધિત સિગ્નલિંગ વસ્તુઓનો પુરવઠો, સ્થાપન પરીક્ષણ અને કમિશનિંગ, તેમજ મુંબઈ ડિવિઝનના ચર્ચગેટ પાલઘી વિભાગમાં MSDAC સાધનોના પુનર્વસન. કામનો અંદાજિત ખર્ચ: ₹ 5,45,39,802.16/- EMD: ₹ 4,22,700/- જમા કરાવવાની તારીખ અને સમય: તા.16.03.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 16.03.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1096

અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલવે અસારવા ⇌ આગ્રા કેન્ટ વચ્ચે ખાસ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નંબર | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 01920 | અસારવા - આગ્રા કેન્ટ | 02/03/2026 થી 30/03/2026 | 14:50 કલાકે (સોમ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ) | 07:45 કલાકે (આગામી દિવસ) |
| 01919 | આગ્રા કેન્ટ - અસારવા | 01/03/2026 થી 29/03/2026 | 18:10 કલાકે (બુધ, ગુરુ, શુક્ર, શનિ અને રવિ) | 11:10 કલાકે (આગામી દિવસ) |

**હોલ્ટ્સ:** હિંમત નગર, શામળાજી રોડ, ડુંગરપુર, સેમરી, ઝવેર, ઉદયપુર શહેર, રાણા પ્રતાપ નગર, માવલી, ચંદેરિયા, માંડલગઢ, બુંદી, કેશોરાઈ પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશન બંને દિશામાં.

**રચના:** એસી - 3 ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 01920 માટે બુકિંગ 11/02/2026 થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકીટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.

### ક્રિપ્ટો-હવાલાનું મોટું કૌભાંડ!

# અમદાવાદમાં ઈડીના દરોડા: ગેરકાયદે કોલ સેન્ટરોના ૬ સ્થળો પર ત્રાટકી ટીમ

## ઈડીના આ આકરા પ્રહારને પગલે ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ, અમદાવાદ શહેરમાં ધમધમતા ગેરકાયદેસર કોલ સેન્ટર કૌભાંડ સંદર્ભે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની હૈદરાબાદ ઝોનલ ઓફિસ દ્વારા શહેરના છ વિવિધ સ્થળોએ દરોડા પાડી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.ઈડીની આ તપાસ દરમિયાન અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આરોપીઓ અમેરિકાની સરકારી એજન્સીઓના અધિકારીઓ તરીકે પોતાની ઓળખ આપી વિદેશી નાગરિકોને ડરાવતા હતા અને તેમની પાસેથી મોટી રકમનો 'તોડ' કરી ડિજિટલ પેમેન્ટ મેળવતા હતા. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, આ રીતે મેળવેલી રકમને સૌ પ્રથમ ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવામાં આવતી હતી. ત્યારબાદ, હવાલા ઓપરેટરો અને સ્થાનિક કાળાબજાર જેવી ગેરકાયદે ચેનલો દ્વારા આ નાણાંને રોકડમાં ફેરવી દેવામાં આવતા હતા.ઈડીની તપાસ દરમિયાન મુખ્ય આરોપીઓ પૈકીના એક, આકીબ ઘાંચી પાસેથી આશરે ૧૨,૦૦૦ યુએસ ડોલરની કિંમતની ક્રિપ્ટોકરન્સી અને ૧૩.૫૦ લાખથી વધુની રોકડ રકમ મળી આવી હતી, જે એજન્સી દ્વારા જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત, ઈડીએ તપાસના સ્થળેથી મહત્ત્વપૂર્ણ ડેટા ધરાવતા અનેક ગુનાહિત દસ્તાવેજો તેમજ ડિજિટલ ઉપકરણો પણ કબજે કર્યા છે.કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે ઈડીએ કડક કાર્યવાહી કરતા આરોપીઓ અને તેમની સંસ્થાઓ સાથે જોડાયેલા ૩૧ બેન્ક ખાતાઓ




અને બેન્ક લોકર્સ ફ્રીઝ કરી દીધા છે. ઈડીના આ આકરા પ્રહારને પગલે ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.અમદાવાદ શહેરમાં કાર્યરત ગેરકાયદેસર કોલ સેન્ટરો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ત્રાટકીને મની લોન્ડરિંગના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ કૌભાંડ મોહમ્મદ અન્સારી(ઉર્ફે ઈરફાન અન્સારી), આકીબ ગુલામરસૂલ ઘાંચી, વિકાસ કેનીમાર, દિવ્યાંગ રાવલ, પ્રદીપ વી. રાઠોડ અને તેમના સાગરિતો દ્વારા ચલાવવામાં આવતું હતું.અમદાવાદમાં ઝડપાયેલા આ ગેરકાયદેસર કોલ સેન્ટરો અત્યાધુનિક તકનીકી માળખા, તાલીમબદ્ધ સ્ટાફ અને પૂર્વ-નિર્ધારિત 'કોલ સ્ક્રિપ્ટ્સ'ના સુવ્યવસ્થિત નેટવર્ક દ્વારા ચલાવવામાં આવતા હતા. આ કૌભાંડની કાર્યપદ્ધતિ મુજબ, કોલ સેન્ટરના ઓપરેટરો વિદેશી નાગરિકોને ફોન કરી પોતાની નકલી ઓળખ અમેરિકન સરકારી એજન્સીના અધિકારી અથવા પ્રતિષ્ઠિત કંપનીના પ્રતિનિધિ તરીકે આપતા હતા. ત્યારબાદ, ભોગ બનનાર વ્યક્તિને બાકી લોન, ટેક્સની જવાબદારી કે કાનૂની કાર્યવાહીની ધમકી આપી ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવતું હતું.

અંતે, કથિત કેસની પતાવટ કરવાના બહાને પીડિતો પર એમેઝોન ગિફ્ટ કાર્ડ ખરીદવા અથવા ડિજિટલ પેમેન્ટ કરવા માટે દબાણ કરી નાણાંની વસૂલાત કરવામાં આવતી હતી.ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા મેળવેલી રકમને સગેવગે કરવા માટે આરોપીઓ અત્યંત જટિલ અને આયોજનબદ્ધ પદ્ધતિનો ઉપયોગ કરતા હતા. આ પ્રક્રિયાના ભાગરૂપે, સૌ પ્રથમ ભોગ બનનાર પાસેથી મેળવેલા ગિફ્ટ કાર્ડ્સને રિડીમ કરી નાણાં મેળવવામાં આવતા અને ત્યારબાદ પકડાઈ જવાની બીકે આ રકમને બિટકોઈન જેવી ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરી દેવામાં આવતી હતી.

# આવાસ યોજનામાં ભાડુઆત રાખનારા માલિકો સામે તવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જરૂરિયાતમંદોને ફાળવવામાં આવેલા મકાનોનો ધંધાદારી ઉપયોગ કરનારા તત્વો સામે ભાવનગર મહાનગરપાલિકાએ કડક અભિગમ અપનાવ્યો છે. તરસમિયા-ખારસી વિસ્તારમાં આવાસ ભાડે આપવાના ચાલતા મસમોટા નેટવર્ક પર તંત્રએ દરોડા પાડી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.મનપાની ટીમ દ્વારા તરસમિયા ખારસી વિસ્તારની આવાસ યોજનામાં હાથ ધરવામાં આવેલા આકસ્મિક સર્વેમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે.કુલ ૯૨ આવાસ માલિકોનો સર્વે કરવામાં આવ્યો હતો.આ સર્વે દરમિયાન જાણવા મળ્યું કે ૩૩ મકાનોમાં મૂળ લાભાર્થીઓને બદલે અન્ય લોકો (ભાડુઆતો) વસવાટ કરી રહ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજનાના નિયમો મુજબ, લાભાર્થી પોતાનું આવાસ કોઈને ભાડે આપી શકતો નથી કે વેચી શકતો નથી.મનપાના આવાસ વિભાગે આ મામલે તુરંત એક્શન લેતા માલિકો અને ભાડુઆતો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તમામ ૩૩ આવાસના માલિકો અને ત્યાં રહેતા ભાડુઆતોને નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે ૭ દિવસની અંદર આ મકાનો ખાલી કરી દેવાના રહેશે.જો નિયત સમય મર્યાદામાં આવાસ ખાલી કરવામાં નહીં આવે, તો મનપા દ્વારા તે મકાનોને સીલ મારવાની અને લાભાર્થીની ફાળવણી રદ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# આજથી જૂનાગઢમાં શિવરાત્રિના મેળાનો પ્રારંભ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ, દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢમાં ભવ્ય શિવરાત્રિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલથી પાંચ દિવસ ચાલનારા મેળાની શરૂઆત થશે. મહાશિવરાત્રિના મેળા પર મોટી સંખ્યામાં લોકો જૂનાગઢ પહોંચતા હોય છે. જૂનાગઢ પહોંચવા માટે લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે ગુજરાત એસટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.૧૧ ફેબ્રુઆરી એટલે કે આવતીકાલથી ગિરનારની ગોદમાં મહાશિવરાત્રિના મેળાનું આયોજન થવાનું છે. ગુજરાત એસટી દ્વારા જૂનાગઢ રૂટ પર વધારાની બસો દોડાવવામાં આવશે. ગુજરાત એસટી દ્વારા અંદાજે ૧૯૫ જેટલી વધુ બસો સાથે કુલ ૭૮૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે ૩.૭૦ લાખથી વધુ મુસાફરોને સુવિધા મળી રહેશે.જૂનાગઢના ભવનાથમાં આયોજીત મહાશિવરાત્રિના મેળાને મિનિ કુંભ મેળા તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે મેળાને વધુ ભવ્ય અને ઐતિહાસિક બનાવવામાં આવ્યો છે. લાખોની સંખ્યામાં ભક્તો જૂનાગઢ પહોંચવાના છે. ગુજરાત એસટી દ્વારા જૂનાગઢ બસ સ્ટેશનથી ગિરનાર તળેટી સુધી જવા માટે ૮૦ વધારાની બસોનું સંચાલન કરવામાં આવશે.આ સિવાય આંતર જિલ્લા સુવિધા માટે આસપાસના જિલ્લામાંથી આવતા ભક્તો માટે જૂનાગઢ ડિવિઝનની ૬૫ અને અન્ય ડિવિઝનની ૫૦ મળી કુલ ૧૧૫ એક્સપ્રેસ બસો દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બસોનું ૨૪★૭ જીપીએસ દ્વારા મોનિટરિંગ પણ કરવામાં આવશે.

### આંગડિયા પેઢીના સંચાલકની ૨૫ લાખ ભરેલી બેગ ઝૂંટવી ત્રણ શખસો ફરાર

# અમદાવાદ: સાણંદ-સરખેજ હાઈવે પર ફિલ્મી ઢબે લૂંટ

## ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને સાણંદ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથધરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ, અમદાવાદના સાણંદ-સરખેજ રોડ પર એક લૂંટની ઘટના સામે આવી છે. સાણંદમાં આંગડિયા પેઢી ચલાવતા ફારૂક ગનીયાણી જ્યારે પોતાની પેઢીની મોટી રોકડ રકમ લઈને જઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા ત્રણ લૂંટારુઓએ ફિલ્મી ઢબે તેમનો રસ્તો રોકી લાખોની લૂંટ ચલાવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને સાણંદ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ આદરી છે.મળતી માહિતી અનુસાર, નવમી ફેબ્રુઆરીના રોજ સાંજે આશરે ૦૭:૧૫ વાગ્યાની આસપાસ ફરિયાદી ફારૂકભાઈ પોતાની સાણંદ સ્થિત આંગડિયા પેઢીમાંથી અંદાજે ૨૦થી ૨૫ લાખ જેટલી માતબર રકમ એક કાળા રંગના થેલામાં ભરીને પોતાના સુઝુકી એક્સેસ પર સવાર થઈ સરખેજ ખાતેની બીજી પેઢી પર જવા નીકળ્યા હતા. તે સાણંદથી સરખેજ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ગીબપુરા ગામથી થોડે આગળ મેઈન રોડ પર કાળા રંગની પલ્સર બાઈક પર સવાર ત્રણ અજાણ્યા શખસોએ તેમનો પીછો કરવાનું શરૂ કર્યું હતું.આ ત્રણેય ઈસમોએ પોતાના મોઢે બુકાની બાંધેલી હતી જેથી તેમની ઓળખ છુપાવી શકાય. ચાલુ બાઈકે એક લૂંટારુએ ફરિયાદીના મોપેડના આગળના ભાગે પગ મારીને તેમને ઊભા રાખવા મજબૂર કર્યા હતા, જેના કારણે ફારૂકભાઈનું મોપેડ નમી ગયું હતું અને તેઓ નીચે પટકાયા હતા. આ તકનો લાભ ઉઠાવી પલ્સર પર વચ્ચે બેઠેલા શખ્સે ફરિયાદીના હાથમાંથી રુપિયા ભરેલો થેલો ઝૂંટવી લીધો હતો અને ત્રણેય લૂંટારુઓ પૂરપાટ ઝડપે સરખેજ તરફ ફરાર થઈ ગયા હતા. હાલમાં પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી હાથ ધરી છે.

# ગિરનારના ઓઘડ શિખર પર જૈન સંપ્રદાયનો ઝંડો ફરકાવવા બદલ બે સામે ગુનો નોંધાયો

## નાથ સંપ્રદાયની પવિત્ર જગ્યા ગણાતી ઓઘડનાથ ટૂંક પર બનેલી આ ઘટનાને પગલે સાધુ સંતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ, જૂનાગઢના ગિરનાર પર્વત પર આવેલા ઓઘડ શિખર પર જૈન સંપ્રદાયનો ધ્વજ ફરકાવવા અને સૂત્રોચ્ચાર કરવા બદલ ભવનાથ પોલીસ મથકે બે અજાણ્યા શખસો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. નાથ સંપ્રદાયની પવિત્ર જગ્યા ગણાતી ઓઘડનાથ ટૂંક પર બનેલી આ ઘટનાને પગલે સાધુ સંતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શ્રીનાથજીના દલિચાના મહંત પીર યોગી સોમનાથજી દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ અંદાજે ચાર દિવસ પહેલાં સફેદ કપડાં પહેરેલા બે શખસોએ અહીં જૈન સંપ્રદાયનો ઝંડો ફરકાવી વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો અને ફોટાના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.આ વિવાદને પગલે જૂનાગઢના અગ્રણી સંત શેરનાથજી બાપુએ આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે પોતાના ધર્મની શ્રેષ્ઠતા સાબિત કરવા બીજાના ધાર્મિક સ્થાનો પર જઈને ઉગ્રતા બતાવવી એ ગંભીર દોષ છે. આગામી મહાશિવરાત્રિના મેળા પૂર્વે બનેલી આ ઘટનાથી શાંતિ જોખમાય તેવી ભીતિ સંતોએ વ્યક્ત કરી છે.ઉલ્લેખનીય છે કે, ઓઘડનાથજીની આ પ્રાચીન ચરણ પાદુકા પુરાતત્ત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારક જાહેર થયેલી છે. સંતોએ અગાઉ આ મામલે પોલીસને આવેદનપત્ર પાઠવીને દિગંબર જૈન સંપ્રદાયના આચાર્ય સામે પણ ઉશ્કેરણીના આક્ષેપો કર્યા હતા. હાલ પોલીસ ટેક્નિકલ સર્વેલન્સની મદદથી આરોપીઓને પકડવા તજવીજ કરી રહી છે.

